# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

## પ્રથમ વર્ષ અભ્યાસક્રમ-૭

ડિસેમ્બર

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન-૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. ..................... સર્વ સદ્ગુણોની માતા છે.
૨. શાંતી ....................... થી થાય છે, હિંસા થી નહી.
૩. .................. ના પંજામાં થી ન નોટોના બંડલ છોડાવી શકે છે, બધા ત્યાં લાચાર છે.
૪. હિંસાના ભયંકર વિપાક ને જણાવી દયાના મીઠા પરિણામનું મુલ્ય સમજાવતી .............. ની કથા જાણવા જેવી છે.
૫. ................... અને અધ્યયન માં પ્રશાંત રહી જ્યાં ત્યાં સુખે સુઈ જાઉ હું.
૬. આત્મ કલ્યાણના માર્ગને સુચવનારી .................. નું ચિંતન આત્માને કર્મોના આશ્રવ થી બચાવે છે.
૭. ..................... આદિ કર્મના ઉદયથી ઉત્તમ પુરૂષો હિન કુળોમાં ગર્ભપણે આવે છે પણ જન્મતા નથી.
૮. જ્યારે માન કષાય શાંત થાય છે ત્યારે જ ........................ ધર્મ પ્રગટે છે.
૯. મિથ્યાત્વ...................ની શરણાગતિ ઘણીજ અઘરી છે, સખત પરિશ્રમ માગી લે છે.
૧૦. સમાજનો દુનિયાનો ડર જીવોને ઘણા બધા ............... થી અટકાવે છે.
૧૧. ..................... કષાય અને પ્રમાદ એ કર્મબંધના કારણો છે.
૧૨. તુ ............... છે કારણકે મધ્યસ્થ રહીને તુ ખરો ધર્મ વિચારીને જોઈ સકે છે.
૧૩. પૂર્વે કરેલા પાપ ................... પ્રગટપણે વિશેષ કરી ને નીંદુ છે.
૧૪. જેમ ખેડુતો ક્ષેત્રમાં બળદથી ધાન્યનુ બીજ વાવે છે તેમ આ ભરત ક્ષેત્રમાં ................. વાવશે.
૧૫. કિલ્બિષિક દેવ ................. દેવ છે.
૧૬. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર એ .................... દેવો છે.
૧૭. તે મારા ..................... કલ્પવૃક્ષ ને ઉખેડી નાખેલ છે.
૧૮. ..................... માં એવો મહાન ગુણ છે કે એનાથી ખીર અને નીર જુદા કરી શકે છે.
૧૯. મહાવ્રત ઘાત સમયે....................... ચારિત્ર પ્રાયશ્ચિત રુપે ઉચ્ચરાવાય છે.
૨૦. ........................ દેવોના ચર અને સ્થિર એમ બે વિભાગ છે.

**પ્રશ્ન-૨ એકજ શબ્દમાં જવાબ આપો.** ૧૫

૧. પ્રભુ વીરને દેવાનંદાની કુક્ષીમાંથી ત્રિશલારાણીની કુક્ષિમાં લઈ જનાર દેવ કોણ હતા ?
૨. કયા દેવો વાણવ્યંતર કહેવાય ?
૩. હિંસાથી સતત જીવના પરિણામો કેવા થાય છે ?
૪. કયા દેવ વ્યવસ્થાવાળા દેવ છે ?
૫. કઠોરતા અને ક્રુરતા સાથે નાતો તોડવા કોની સાથે જોડવાથી જીવન જીવવા લાયક બનશે ?
૬. ચમત્કારી બાબા પતિ-પત્નિને શું કહીને ચાલ્યા ગયા ?
૭. કયા સૂત્ર વડે પાપવાળા વ્યાપાર નો ત્યાગ કરાય છે ?
૮. વીર પ્રભુના જન્મ સમયે કઈ ક્રીડા દેશભર માં ચાલતી હતી ?
૯. શુભ આશયથી પ્રવૃત્તી કરવાં છતાં અનિવાર્ય રીતે જે હિંસા થાય તેને શું કહેવાય ?
૧૦. પ્રભુની દીક્ષા સમયે તીર્થ પ્રવર્તાવવાની વિનંતી કયા દેવો કરે છે.
૧૧. કપટ કરી અન્યને છેતરવું તે કયું પાપસ્થાનક છે.
૧૨. આગમ વચન માનીને ક્ષમા ધારણ કરવી તે કઈ ક્ષમા ?
૧૩. દેવેન્દ્ર સૌધર્મ દેવલોકમાં કયા વિમાનમાં બેઠા હતા ?
૧૪. સૂક્ષ્મ સંજ્વલન લોભ નો ઉદય કયા ચારિત્ર માં વર્તે છે ?
૧૫. અસીપત્ર કોણ છે ?

**પ્રશ્ન-3 નીચે આપેલા શબ્દોના અર્થ લખો.** ૧૦

૧) પરપરિવાદ ૨) સુહુમં ૩) જોઈસિયા ૪) અસુઇતં ૫) સહાવો ૬) વિહ ૭) ખાયં ૮) મુચઈ
૯) સાહગા ૧૦) છેઓવઠ્ઠાવણં ૧૧) અંગીકયં ૧૨) સામાઈ ૧૩) મગ્ગિજ્જઇ ૧૪) પડિક્કમામિ
૧૫) વેમાણિયા ૧૬) દોસે ૧૭) દુવિહં ૧૮) માયામૃષાવાદ ૧૯) તહ ૨૦) બોહી

**પ્રશ્ન-૪ જોડકા જોડો (ફકત બી નો નંબર લખો)** ૧૦

| એ | બી |
|---|---|
| ૧) અદત્તાદાન | ૧) કલશ |
| ૨) ઉદધિકુમાર | ૨) દયાળુ |
| ૩) પવિત્રતા | ૩) લોકાંતિક |
| ૪) સમ | ૪) અભ્યાખ્યાન |
| ૫) અરૂણ | ૫) ઉપશમ |
| ૬) આશ્રવ | ૬) લાભ |
| ૭) ધ્વજ | ૭) ભવનપતિ |
| ૮) સૌધર્મેન્દ્ર | ૮) ભાવના |
| ૯) શ્રાવક | ૯) શક્ર સિંહાસન |
| ૧૦) કષાયોનો સંપૂર્ણ ક્ષય | ૧૦) શૌચ |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જ્વાબ સંખ્યામાં લખો.** ૧૦

૧) કલ્પાતીત દેવો કેટલા ?
૨) સાધુનો સંયમ કેટલા પ્રકારે છે ?
૩) પાપસ્થાનક ના દોષ કેટલા ભાંગા થી લાગે છે ?
૪) આઠ વાણ વ્યંતર કેટલા યોજનમાં રહે છે ?
૫) પરમાધામી દેવો કેટલાં ?
૬) સમભૂતલાથી કેટલાં યોજન ઉપર સૂર્યના વિમાનો છે ?
૭) પરિહારવિશુદ્ધી ચારીત્રમાં પરિહાર કલ્પ પૂર્ણ કરવા માટે કેટલા સાધુ હોય ?
૮) સાધારણ વનસ્પતિકાય ની કુલ કેટલી યોનિયો છે ?
૯) દયા ના પ્રકાર કેટલા ?
૧૦) જ્યોતિષ્ક ના કેટલા ઇન્દ્ર હોય છે ?

**પ્રશ્ન-૬ નીચેના વાકયો સાચા (✓) છે ખોટા ( × ) તે જણાવો.** ૧૦

૧) લજ્જા છે ત્યાં મર્યાદા છે અને મર્યાદા છે ત્યાં સલામતી છે.
૨) અતિદુર્લભ બોધિની વિચારણા, ચીંતન કરવું તે ધર્મ ભાવના છે.
૩) અનુત્તર દેવોનાં દસ પ્રકાર છે.
૪) ખોટું આળ દેવું એને અભ્યાખાન કહેવાય.
૫) સારસિકા નામની દાસીએ રાજા ના મસ્તક પર સફેદ વાળ જોઇને કહ્યું "યમ નો દુત આવ્યો છે ".
૬) પત્નિએ કમંડલમાં પતિનું પ્રતિબિંબ કુતરા જેવું જોયું.
૭) હરિણગમેષિ દેવ ઇન્દ્રના પાયદળ સૈન્યના અધિપતી હતા.
૮) બળદેવની માતા બળદેવ ગર્ભમાં આવે ત્યારે ચાર મહાસ્વપ્નો જુએ છે.
૯) મારૂં મારૂં કરીને ભેગુ કરે પણ કાંઇજ એનુ થતુ નથી, કાંઇજ સાથે જતું નહીં, એવું ચિંતન કરવું અન્યત્વ ભાવના છે.
૧૦) ચારિત્ર એટલે સર્વ સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરી નિર્દોષ, નિષ્પાપ જીવનના સ્વામી બનવું.

**પ્રશ્ન-૭ નીચેનું વાકય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧) મુમુક્ષ પાસે પરીક્ષા કરીને સત્યને તારવી કાઢવાની મધ્યસ્થ – સૌમ્ય દૃષ્ટિ નથી.
૨) પ્રભુએ કેવળજ્ઞાન પામીને મા બાપ જીવતા હોય તેણે દીક્ષા લેવી નહી" એવું કયારે પણ કહેલ નથી.
૩) વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવડે કરીને જેના સરખા સ્થાનક હોય તે એક સ્થાનક ગણાય છે.
૪) અભયદાનથી મોટો ધર્મ આ પૃથ્વીતલ ઉપર નથી.
૫) મારે પણ આ પુણ્યકાર્ય કરવુ જોઇએ.
૬) આ કાયા ચામડીથી મઢેલી સારી દેખાય પરંતુ અંદરથી જોતાં ભયાનક બિભત્સ લાગે.
૭) ધર્મ કરવા માટે હૈયામાં દયા તો જોઇએ જ પણ સાથે સાથે દૃષ્ટિમાં મધ્યસ્થતા અને સૌમ્યતા જોઇ એ.
૮) દુનિયા માં કુનિમિત્તો આપણી ચારે બાજુ વેરાયેલા છે.
૯) નીચેના ભાગ માં રહેનારા દેવો અલ્પ પુણ્યવાળા હોય છે.
૧૦) હું જયારે ગર્ભમાં હાલું ચાલું શું, ત્યારે માતાને જરૂર કષ્ટ થતું હશે.

**પ્રશ્ન-૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) ત્રિશલા માતાએ જોયેલા સ્વપ્નોમાંથી કોઇ પણ ત્રણનું સ્વપ્નફળ ૨) મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ
૩) કલ્પોપન્ન અને કલ્પાતીત દેવો ૪) અશરણ ભાવના ૫) યથાખ્યાત ચારિત્ર

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ – ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com